### પરીક્ષા ટાણે જ ડીજેના ધાંધિયા: વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડ્યો

# “લગ્નનો ઉત્સવ કે રહીશો માટે આફત? વાસણાના પાર્ટી પ્લોટ્સના ઘોંઘાટથી જનતા ત્રાહિમામ”

## સિનિયર સિટીઝનોની ઊંઘ હરામ; રોષે ભરાયેલા રહીશોએ ગોત્રી પોલીસ મથકે ધા નાખી



(પ્રતિનિધિ), વડોદરા. તા.24 વડોદરાના વાસણા રોડ વિસ્તારમાં આવેલા પાર્ટી પ્લોટ્સ અને મેરેજ ગાર્ડનોમાં લગ્ન પ્રસંગો દરમિયાન થતા અતિશય ઘોંઘાટ અને ટ્રાફિકની સમસ્યાને લઈને સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વાસણા ગામ અને તેની આસપાસ આવેલી અનેક સોસાયટીઓના રહીશોએ આજે ગોત્રી પોલીસ સ્ટેશન ખાતે એકઠા થઈને લેખિતમાં રજૂઆત કરી હતી. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, એચ.એલ. પટેલ પાર્ટી પ્લોટ અને તેની આસપાસના અન્ય મેરેજ ગાર્ડનોમાં વહેલી સવારના 6 વાગ્યાથી લઈને મોડી રાતના 1:30 વાગ્યા સુધી હાઈ ડેસિબલ મ્યુઝિક અને ડીજે વગાડવામાં આવે છે. હાલમાં વિદ્યાર્થીઓની પરીક્ષાઓ ચાલી રહી છે અથવા શરૂ થવાની તૈયારીમાં છે, ત્યારે આ સતત ઘોંઘાટને કારણે બાળકો અભ્યાસ કરી શકતા નથી. આ ઉપરાંત, બીમાર વ્યક્તિઓ અને સિનિયર સિટીઝનોની ઊંઘમાં પણ ખલેલ પડી રહી છે. ગોત્રી પોલીસ સ્ટેશનના પીઆઈ રહીશોની રજૂઆત સાંભળી હતી અને ખાતરી આપી હતી કે ટૂંક સમયમાં જ પાર્ટી પ્લોટ માલિકો સાથે બેઠક યોજવામાં આવશે અને નિયમોનું પાલન થાય તે સુનિશ્ચિત કરવામાં આવશે. જો મર્યાદા કરતા વધુ અવાજ કે પરમિશનનો દુરુપયોગ જણાશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. નીલાંબર ડુપ્લેક્સ, પંચમ બંગલોઝ અને શ્રી હાઈટ્સ જેવી સોસાયટીના રહીશોએ જણાવ્યું છે કે જો પોલીસ તંત્ર દ્વારા સત્વરે આ સમસ્યાનો ઉકેલ નહીં લાવવામાં આવે, તો તેઓ આગામી દિવસોમાં ઉચ્ચ અધિકારીઓ અને સરકારના કક્ષાએ ઉગ્ર રજૂઆત કરશે.

## રૂપિયા 2.25 કરોડની ઠગાઈના આરોપીના જામીન રદ

(પ્રતિનિધિ), વડોદરા. તા.24 વડોદરા શહેરના વારસીયા વિસ્તારમાં આવેલી રાજધાની સોસાયટીમાં રહેતા ધ્રુમિલ કલ્પેશકુમાર સોની દ્વારા કંપનીમાંથી આવકા જવાકના ખોટા હિસાબો તૈયારી કરીને તથા કંપનીના કોમ્પ્યુટરમાં ટ્રાન્સફર કરેલા નાણાના ખોટા હિસાબોના ખોટા બિલો બનાવી ઓડિટર અર્પણ શાહ પાસે ખોટા હિસાબો રજૂ કર્યાં હતા. જેનું ઓડિટ કરાવીને ઓડિટર પાસે હિસાબ રજૂ કરાયાં હતા. ત્યારે ધ્રુમિલ શાહના કૌભાંડનો ભાંડોફુટયો હતો. જેમાં આરોપીએ રૂપિયા 2.25 કરોડની રકમની ઉચાપત કરી હોવાનું જાણવા મળ્યું હતું. જેની કંપની માલિક દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ત્યારે પોલીસે આરોપીની ધરપકડ કરીને જેલ હવાલે કર્યો હતો. ત્યારે આરોપીએજેલમાંથી બહાર આવવા માટે રેગ્લુયર જામીન અરજી કરાવી હતી. પરંતુ પ્રશાંત નરેન્દ્રકુમાર રાવલ છઠ્ઠા એડિશનલ સેશન્સ જજ વડોદરાએ જામીન અરજી રદ કરી છે.

### વિકાસના નામે ખોદકામ અને આડેધડ સામાન મૂકતા કોન્ટ્રાક્ટરો

# ગોત્રી હોસ્પિટલના ઈમરજન્સી ગેટ પર પાઈપોનો ખડકલો, તંત્રની ઘોર બેદરકારી



(પ્રતિનિધિ), વડોદરા. તા.24 વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ગટર, પાણી અને કેબલ લાઈન નાખવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જોકે, વિકાસની આ કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટરોની ગંભીર બેદરકારી હવે સામાન્ય જનતાના જીવ પર જોખમ ઊભું કરી રહી હોય તેવું ચિત્ર સામે આવ્યું છે. તાજેતરમાં ગોત્રી જી.એમ.ઈ.આર.એસ. હોસ્પિટલના ઈમરજન્સી એક્ઝિટ ગેટની બિલકુલ બહાર લોખંડના મસમોટા પાઈપો ખડકી દેવામાં આવતા સ્થાનિકો અને દર્દીઓના સગા-સંબંધીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગોત્રી હોસ્પિટલ એ વડોદરાના પશ્ચિમ વિસ્તારની સૌથી મોટી હોસ્પિટલ છે, જ્યાં આસપાસના વિસ્તારોના સેંકડો દર્દીઓ સારવાર માટે આવે છે. હોસ્પિટલના જે ગેટનો ઉપયોગ આગ કે અન્ય કોઈ હોનારત સમયે તાત્કાલિક બહાર નીકળવા માટે કરવામાં આવે છે, તે જ ઈમરજન્સી ગેટની બહાર કોન્ટ્રાક્ટર દ્વારા વિશાળ કદના લોખંડના પાઈપો મૂકી દેવાયા છે. જો હોસ્પિટલમાં આગ જેવી કોઈ દુર્ઘટના સર્જાય અને આ ગેટ ખોલવાની જરૂર પડે, તો આ ભારેભરખમ પાઈપોને કારણે ગેટ ખોલવો અશક્ય છે. ગોત્રી હોસ્પિટલ પાસેનો રસ્તો ખોદકામને કારણે અગાઉથી જ વનવે થઈ ગયો છે, જેના કારણે એમ્બ્યુલન્સ અવારનવાર ટ્રાફિકમાં અટવાતી જોવા મળે છે. હવે ઈમરજન્સી ગેટ પર જ પાઈપોનો ખડકલો કરવામાં આવતા સ્થિતિ વધુ ગંભીર બની છે. પાલિકાના કોન્ટ્રાક્ટરો દ્વારા સુરક્ષાના નિયમોને નેવે મૂકીને કરવામાં આવતી આ કામગીરી તંત્રની નિષ્ક્રિયતા છતી કરે છે. સ્થાનિક આગેવાનો અને જાગૃત નાગરિકોએ આ મુદ્દે વડોદરા મ્યુનિસિપલ કમિશનરને તાકીદે હસ્તક્ષેપ કરવા વિનંતી કરી છે. માંગ કરવામાં આવી છે કે કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોવાને બદલે, આ પાઈપોને તાત્કાલિક ત્યાંથી ખસેડવામાં આવે અને આવી ઘોર બેદરકારી દાખવનાર કોન્ટ્રાક્ટર સામે કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે.

### દેશી દારૂની ભઠ્ઠીઓ પર પીસીબીનો સપાટો

# વડસર અને દશરથથી મહિલા સહિત બે આરોપીની ધરપકડ



(પ્રતિનિધિ), વડોદરા. તા.24 સમા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં એસએમસીની રેડ બાદ પોલીસ તંત્રમાં આવી ગયું છે. વડસર તથા દશરથ ગામે દેશી દારૂના ભઠ્ઠા ઉપર પીસીબી પોલીસની ટિમ એ બરોડા પાડ્યા હતા જેમાં મહિલા સહિત બે આરોપીની ધરપકડ કરાઈ છે. સ્થળ ઉપરથી દેશી દારૂ ગાળવાનો વોશ અને દેશી દારૂ સહિત 19 હજારનો મુદ્દામાલ કબજે કરાયો છે. વડોદરા શહેરના સમા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં તાજેતરમાં સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા રેડ કરી દેશી તથા વિદેશી દારૂ મળી રૂપિયા 13.59 લાખનો જથ્થો ઝડપાયો હતો. જેને લઈ પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર દ્વારા દેશી તથા વિદેશી દારૂ ના ગેરકાયદે વેપલા પર સપાટો બોલાવાની સૂચના આપવામાં આપવામાં આવી હતી. જેને લઈ વડોદરા પીસીબી પીઆઈ સી.બી.ટંડેલની તમ ટીમ એક્શન માં આવી ગઈ છે અને દેશી દારુ ગાળવાનો ભઠ્ઠો ચલાવતા શખ્સો વિદેશી દારૂનું વેચાણ કરતાં બૂટલેગરો સામે સપાટો બોલાવવાનું શરૂ કરાયું છે. જેને લઈ પીસીબી પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન વડસર ગામ, માળી મોહલ્લો, ગૌચર વાળા ફળીયામાં રહેતો રૂપો ઉર્ફે સંજય માળી તેના ઘરની બાજુમાં પતરાના શેડમાં દેશી દારૂની ભઠ્ઠી ચલાવી દેશી દારૂ બનાવે છે અને હાલમાં ભઠ્ઠી ચાલુ છે. ઉપરાંત દશરથ એસ.બી. આઈ. બેન્કની પાછળ માળી વાસના ટેકરામાં રહેતી કોકીલા માળી તેના ઘરની બાજુમાં દેશી દારૂની ભઠ્ઠી ચલાવી દેશી દારૂ બનાવે છે.જેના આધારે પીસીબીનું અલગ અલગ ટીમો એ વડસર તથા દશરથ ખાતે રેડ કરી હતી. ત્યારે

વડસર ગામેથી ઉર્ફે સંજય વિરાભાઈ માળી તથા દશરથ થી કોકીલા દિનેશભાઈ માળી ઝડપાઈ ગયા હતા. પી સી બી એ દેશી દારૂનો વોશ 700 લીટર, 7 લીટર દારુ સહિત રૂપિયા 19 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### વારંવાર શરીર સંબંધ બાંધીને આરોપીઓએ સગીરાને ગર્ભવતી બનાવી હતી

# સગીરા પર દુષ્કર્મ ગુજારનાર કિશોર બાળ રિમાન્ડ હોમ-પાંચને સેન્ટ્રલ જેલમાં ધકેલાયાં

(પ્રતિનિધિ), વડોદરા. તા.24 વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી સગીરા પર વારાફરતી દુષ્કર્મ ગુજારી ગર્ભવતી બનાવનાર કાયદાના સંઘર્ષમાં આવેલી કિશોર સહિત 6 આરોપીની પોલીસે ધરપકડ કરી લીધી હતી. ત્યારે સગીર આરોપીને બાળરિમાન્ડ હોમ જ્યારે અન્ય 5ને સહિત 6 આરોપીને વડોદરા સેન્ટ્રલ જેલ હવાલે કરાયા છે. વડોદરા શહેરના હરણી વિસ્તારમાં રહેતા યુવક રોહિત રાઠોડિયા લગ્ન પ્રસંગમાં આવ્યો હતો ત્યારે વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી 16 વર્ષીય સગીરા પણ ત્યાં આવી હતી. ત્યારે યુવક પરિચય થયો હતો અને પ્રેમજાળમાં ફસાવી હતી. પ્રેમ સંબંધ બંધાયા બાદ મળવાને સગીરા લઈ જઈને વારંવાર રોહિતે મળતો અને લગ્નની લાલચ આપી શારીરિક સંબંધ બાંધ્યા હતા. એક વર્ષ પહેલાથી યુવક શારીરિક સંબંધ બાંધતો હતો. પરંતુ યુવકે તેની સાથે લગ્ન કર્યા નહોતા.દરમિયાન રોહિત અને સગીરા વચ્ચેના પ્રેમ સંબંધો બાબતે જાણ થતા સગીર યુવક, શૈલેષ ઉર્ફે અજય વસાવા, મનોજ વસાવા, સંજય રાઠોડ અને સાહિલ ઘાંચીએ સગીરાને બ્લેક મેલ કરવાનું શરૂ કર્યું હતું અને જો તુ શરીર સંબંધ બાંધવા નહી દે તો તેને મારી નાખવાની ધમકી આપતા હતા. ઉપરાંત સગીરાને ધમકી આપી હતી કે જો શારીરિક સંબંધ નહીં બાંધવા દે તો રોહિત સાથેના પ્રેમાલાપની વાત જાહેર કરશે અથવા તેને જાનથી મારી નાખશે. જેથી વારંવારની ધમકીઓ આપતા સગીરા ડરી ગઇ હતી અને તેનો લાભ ઉઠાવીને પાંચ આરોપીએ તેણીની સાથે દુષ્કર્મ ગુજાર્યુ હતું. વારંવાર દુષ્કર્મ ગુજારવાના કારણે સગીરા ગર્ભવતી બની હતી. વરણામા પોલીસ દ્વારા સગીર સહિત 6 આરોપીને ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યાં હતા ત્યારે સગીરને બાળ રિમાન્ડ હોમ તથા અન્ય પાંચને સેન્ટ્રલ જેલમાં ધકેલી દેવામાં આવ્યાં છે.

### અકોટામાં ફરી ભૂવા-રાજ : વડોદરા કે ખડોદરા ?

# એક જ જગ્યાએ વારંવાર પડતા ભૂવાએ પાલિકાની પોલ ખોલી નાંખી



(પ્રતિનિધિ), વડોદરા. તા.24 વડોદરા સ્માર્ટ સિટીની આ તે કેવી વરવી વાસ્તવિકતા ? જ્યાં રસ્તાઓ માખણ જેવા હોવા જોઈએ, ત્યાં આજે મોતની ખાઈઓ ખોદાયેલી છે. વડોદરા મહાનગર પાલિકાના ભ્રષ્ટ વહીવટ અને નબળી કામગીરીના પાપે સંસ્કારી નગરી હવે ખડોદરા નગરી તરીકે પ્રખ્યાત થઈ રહી છે. તાજેતરમાં અકોટા થી મુજમહુડા રોડ પર દુલા શેઠ ગાર્ડન પાસે પડેલો વિશાળ ભૂવો પાલિકાના એન્જિનિયરોની ક્ષમતા અને કોન્ટ્રાક્ટરોના કામની ગુણવત્તા પર જોરદાર તમાચો મારી રહ્યો છે. સ્થાનિક રહીશોના મતે આ માર્ગ પર આ એક જ જગ્યાએ અત્યાર સુધીમાં 4 થી 5 વખત ભૂવો પડી ચૂક્યો છે. આ આંકડો જ સાબિત કરે છે કે પાલિકા દ્વારા કરવામાં આવતું સમારકામ માત્ર કાગળ પર જ મજબૂત છે. વારંવાર એક જ જગ્યાએ જમીન બેસી જવી એ માત્ર કુદરતી ઘટના નથી, પરંતુ તળિયા વગરના ભ્રષ્ટાચાર અને એન્જિનિયરિંગની નિષ્ફળતાનું જીવતું જાગતું ઉદાહરણ છે. શું દર વખતે અહીં માત્ર માટી નાખીને ‘થીગડાં’ મારવામાં આવે છે ? કાયમી ઉકેલ લાવવામાં તંત્ર કયા ‘મુહૂર્ત’ની રાહ જુવે છે ? ગતરોજ આ માર્ગ પરથી પસાર થતી એક ઘોડા ગાડી અચાનક આ કાળમુખા ભૂવામાં ખાબકી હતી. આ અકસ્માતમાં ઘોડો ઈજાગ્રસ્ત થયો છે. વિચારવા જેવી બાબત એ છે કે, જો આ ભૂવામાં કોઈ ટુ-વ્હીલર સવાર, વડીલ કે માસૂમ બાળકોથી ભરેલી સ્કૂલ રિક્ષા ખાબકી હોત, તો તેની જવાબદારી કોણ લેત ? શું વડોદરા પાલિકા કોઈ નિર્દોષનો જીવ લેવાની રાહ જોઈ રહી છે ? શહેરના કરદાતા નાગરિકો પાસેથી કરોડો રૂપિયાનો ટેક્સ વસૂલતી પાલિકા બદલામાં માત્ર જોખમી મુસાફરી આપી રહી છે.

અકોટા જેવા વ્યસ્ત વિસ્તારમાં આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં, ઉચ્ચ અધિકારીઓ ‘કુંભકર્ણની નિદ્રા’ માં પોઢેલા હોય તેમ જણાય છે. એસી કેબિનમાં બેસીને વિકાસના બણગાં ફૂંકતા અધિકારીઓને રસ્તા પર ઉતરીને જનતાની હાલાકી જોવાની ફુરસદ નથી.

### રૂ. 40 લાખના દારૂનો નાશ તુલસી રેસીડન્સી ખાતે કરાયો

# ડભોઈ, વાઘોડિયા અને ચાણોદમાં ઝડપાયેલા દારૂ પર રોલર ફેરવાયું



(પ્રતિનિધિ), વડોદરા. તા.24 વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આવતા ડભોઈ વાઘોડિયા અને ચાણોદ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી ઝડપાયેલા રૂપિયા 40.03 લાખના વિદેશી દારૂના જથ્થા પર રોલર ફેરવીને વિધિવત નાશ કરાયો હતો. ડભોઈ, વાઘોડીયા તથા ચાણોદ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાંથી ઝડપાયેલા 40.03 લાખનાં વિદેશી દારુ પર વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા બૂલડોઝર ફેરવી નાશ કરવામાં આવ્યો છે. પોલીસ મહાનિરીક્ષક વડોદરા વિભાગ શસંદિપસિંહ, તથા પોલીસ અધિક્ષક વડોદરા ગ્રામ્ય સુશીલ અગ્રવાલની સૂચના મુજબ ડભોઈ ડિવીઝનમાં આવતા જુદા જુદા ડભોઇ, વાઘોડિયા અને ચાણોદ પોલીસ હદ વિસ્તારમાંથી દારૂનો જથ્થો ઝડપાયો હતો. જેમાં ડભોઈ પોલીસ સ્ટેશનના અલગ અલગ 25 ગુન્હાઓમા રૂ.13.09 લાખ, વાઘોડીયા પોલીસ સ્ટેશનના અલગ અલગ 32 ગુન્હાઓમા રૂ.87 હજાર અને ચાણોદ પોલીસ સ્ટેશનના અલગ અલગ 4 ગુન્હાઓમા રૂ.26.07 લાખ મળી બોટલ કુલ નંગ-21373 કિંમત રૂ.40.03 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

આ વિદેશી દારૂનો નાશ કરવા માટે મુદ્દામાલના નાશ માટે નામદાર કોર્ટ પાસેથી જરૂરી મંજુરી મેળવી કાર્યવાહી હાથ ધરાઇ હતી. કોર્ટ તરફથી મુદ્દામાલના નાશ માટે મંજુરી આવતા 24 ફેબ્રઆરીના રોજ સીતપુર ગામ ખાતે આવેલી તુલસી રેસીડન્સી ખાતે નાશ કરવાનું આયોજન કરાયું છે.

વિદેશી દારૂ નાશ કમીટીના અધિકારી સબ ડીવી. મેજીસ્ટેટ રવીરાજસિંહ પરમાર ડભોઈ સેવાસદન, ઈન્ચાર્જ નાયબ પો.અધિક્ષક સી.એન.ચૌધરી ડભોઈ ડીવીઝન, ડભોઈ તથા એસ.એમ. માંગરોલીયા સુપ્રિટેન્ડન નશાબંધી અને આબકારી વડોદરા વિભાગ વડોદરા તથા ત્રણ પોલીસ સ્ટેશનના પીઆઈ જે એમ ચાવડા, એ કે ભરવાડ તથા પીઆઈ ડી આર ભાદરકા ની હાજરી માં રોલર ફેરવી દારૂના જથ્થાનો વિધિવત રીતે નાશ કરવામા આવ્યો છે.

### કાયદો-વ્યવસ્થા સામે સવાલો ઉઠ્યા


# વારસિયામા નશાખોરો બેફામ, બે દારૂડિયાઓ વચ્ચે મારામારી



( પ્રતિનિધિ ) વડોદરા,તા.24 વડોદરાના વારસિયા વિસ્તારમાં બે ઈસમોનો જાહેરમાં બખેડો કરતા હોવાનો વીડિયો વાયરલ થયો હતો. પ્રેમ પ્રકાશ તીર્થ મંદિર પાસે આ ઘટના બની હતી. જેના કારણે વિસ્તારના લોકોમાં રોષ અને ભયનો માહોલ છવાઈ ગયો હતો. ત્યારે, લોકોએ વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ અને કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. વડોદરા શહેરમાં ફરી એક મારામારીની ઘટના બની હતી. ગત મોડી રાત્રે શહેરના વારસિયા વિસ્તારમાં બે ઈસમો જાહેરમાં બાખડયા હતા. આ બંને ઈસમોએ નશો કરેલી હાલતમાં હોય કોઈ કારણોસર પહેલા બોલાચાલી થઈ હતી બાદમાં ઝપાઝપી પર ઉતરી આવ્યા હતા અને જાહેર સ્થળ પર મારામારી કરવા લાગ્યા હતા. જાહેરમાં બનેલી આ ઘટનાને લઈ વિસ્તારના લોકો એકત્ર થઈ ગયા હતા અને ઝપાઝપી કરી રહેલા બંને ઈસમોને છૂટા પાડ્યા હતા. જોકે, જાહેર સ્થળે મારામારીની આ ઘટનાથી કાયદો-વ્યવસ્થા સામે સવાલો ઉઠ્યા છે. જો કોઈ ગંભીર બનાવ બને તો જવાબદારી કોની ? અગાઉ પણ ઘણી વખત વડોદરા શહેરમાં આ પ્રકારે મારામારી અને તે બાદ હત્યા કરવામાં આવી હોવાના બનાવો બની ગયા છે, તેમ છતાં પણ હજી જાહેરમાં મારામારી કરી વિસ્તારની શાંતિને ડહોળવાનો પ્રયાસ યથાવત જોવા મળી રહ્યો છે. ત્યારે વિસ્તારના લોકોએ પોલીસ પેટ્રોલિંગ અને કડક કાર્યવાહી કરવાની માંગણી કરી હતી.

### મંગળવારની રાત્રિ અને તંત્રની ‘તેજસ્વી’ બેદરકારી

# રસ્તા પર સ્ટ્રીટ લાઈટ કે સસ્તી ડિસ્કો લાઈટનો તમાશો ?



(પ્રતિનિધિ), વડોદરા. તા.24 વડોદરા શહેરના મંગલપાંડે બ્રિજથી સમા તરફ જતો માર્ગ જે GIPCL સર્કલ પાસે પસાર થાય છે, ત્યાં રાતના સમયે પસાર થતા વાહનચાલકોને એવું લાગે છે કે તેઓ કોઈ રસ્તા પર નહીં પણ કોઈ નાઈટ ક્લબના ડાન્સ ફ્લોર પર ડ્રાઈવિંગ કરી રહ્યા છે. ડિવાઈડર પર લાગેલી સ્ટ્રીટ લાઈટ્સ જે રીતે લબ-ઝબ થઈ રહી છે, તે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની કામગીરીની પોલ ખોલી રહી છે. સતત ઝબકતી લાઈટો વાહનચાલકની એકાગ્રતા ભંગ કરે છે. ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો માટે આ ‘લબ-ઝબ’ થતો પ્રકાશ આંખોમાં અંજાય છે, જે ગંભીર અકસ્માતને નિમંત્રણ આપી રહ્યો છે. મંગળવારની રાત્રે આ દ્રશ્યો જોઈને લોકો સ્તબ્ધ હતા. સામાન્ય જનતા પાસેથી જે ટેક્સ વસૂલવામાં આવે છે, શું તેનું વળતર આવી ‘થર્ડ ક્લાસ’ ક્વોલિટીની લાઈટો છે ? એક તરફ શહેરને શણગારવાની વાતો થાય છે અને બીજી તરફ મુખ્ય સર્કલ પર જ લાઈટો તાલબદ્ધ રીતે બંધ-ચાલુ થઈ રહી છે. GIPCL સર્કલ જેવા વ્યસ્ત વિસ્તારમાં જો લાઈટોની આ હાલત હોય, તો આંતરિક વિસ્તારોની તો વાત જ શું કરવી ? શું લાઈટોના મેન્ટેનન્સ માટે રાખેલા કોન્ટ્રાક્ટરો માત્ર કાગળ પર જ કામ કરે છે ? શું આવી લાઈટો ચેક કરવા માટે કોઈ જવાબદાર અધિકારી રાત્રે પેટ્રોલિંગમાં નીકળે છે ખરા ? કે પછી સ્માર્ટ સિટીના નામે માત્ર લાઈટો લગાવી દેવી એ જ લક્ષ્ય છે, તેને ચાલુ રાખવાની જવાબદારી કોઈની નથી ? મોંઘા ભાવની ગાડી લઈને નીકળેલા વડોદરાવાસીઓને હવે રસ્તામાં મફત ડિસ્કો લાઈટનો અનુભવ કરાવવા બદલ તંત્રનો આભાર માનવો કે પછી તેમની બેદરકારી પર ફિટકાર વર્ષાવવો ? સત્તાધીશો જાગે અને GIPCL સર્કલ પાસેની આ ‘લબ-ઝબ’ થતી લાઈટોને તાત્કાલિક રીપેર કરાવે તે જરૂરી છે. સ્માર્ટ સિટી માત્ર બોર્ડ મારવાથી નથી બનતું, સુવિધાઓને જીવંત રાખવાથી બને છે.

### કાયદાકીય સમજ આપતા પ્રેમીએ પરિણીતાને તરછોડી

# પરીણીતા પતિ અને બે બાળકોને તરછોડી પ્રેમી સાથે ભાગી

(પ્રતિનિધિ), વડોદરા. તા.24 વડોદરા શહેર વિસ્તારમાં રહેતી પરિણીત મહિલાનો પતિ હયાત છે અને બે સંતાન હોવા છતાં સોસાયટીમા રહેતા અન્ય પર પુરુષ સાથે આંખ મિચોલી કરી હતી. પ્રેમમાં પાગલ બનેલી પરિણીતાની પોતાની મમતા મરી પરવારી હોય તેમ બાળકોની ચિંતા કર્યાં સિવાય પ્રેમી સાથે ભાગી ગઈ હતી. પરંતુ માસૂમ બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખી મહિલાની જેઠાણીએ 181 અભયમની ટીમનો સંપર્ક કર્યો હતો. જેથી મહિલા સભ્યોએ પ્રેમીનું કાઉન્સેલિંગ કરી જણાવ્યું હતું કે મહિલા ના અપહરણના ગુનામાં સજા પણ થઈ શકે છે. જેથી પ્રેમીએ મહિલાને નહિ રાખવા ખાતરી આપી હતી અને મહિલાએ આવી ભૂલ નહિ કરવા ખાતરી આપી હતી. વડોદરા શહેરમાં મહિલાને લગ્ન બાદ બે સંતાન હોવા સાથે તેમના પતિ પણ હયાત છે તેમ છતાં મહિલાએ તેમની સોસાયટીમાં રહેતા અન્ય પુરૂષ સાથે આંખ મીચોલી રમી પ્રેમ સબંધ બાંધ્યા હતા.

છેલ્લા એક વર્ષથી પ્રેમી સાથે રિલેશનમાં હોય પતિ સાથે રહેવા માંગતી નથી અને જે વ્યક્તિ સાથે રિલેશનમાં છે તેની સાથે જ રહેવું છે તેવી જીદ પકડી પતિ અને છોડીને પ્રેમી સાથે પાંચ દિવસથી ભાગી ગઈ હતી. પ્રેમી સાથે ભાગીને વડોદરાથી મહારાષ્ટ્ર રહેતી હતી અને છઠ્ઠા દિવસે મહિલા વડોદરા પરત આવી હતી. જેની જાણ મહિલાની જેઠાણીને થતા તેઓએ દેરાણીને સમજાવવા માટે મદદ માટે 181નો સંપર્ક કર્યો હતો. જેથી અભયમની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને મહિલા અને પ્રેમીનું કાઉન્સેલિંગ શરૂ કર્યું હતું. પ્રેમીને સમજાવ્યું હતું કે મહિલાના છૂટાછેડા થયા નથી જેથી તમે મહિલા સાથે લગ્ન કરી શકો નહીં. તેમના પતિ તમારા વિરુદ્ધ અપહરણનો ગુનો દાખલ કરાવી શકે છે અને તેમાં તમને સજા પણ થવાની શક્યતા છે. તેમના બે બાળકો છે તો તમારા કારણે બાળકોની જિંદગી બગાડશો નહીં તેથી તે પ્રેમીએ પ્રેમિકાને રાખવા માટે ઈન્કાર કર્યો હતો. પ્રેમીએ તરછોડી દેતા પરિણીતાને તેમની ભૂલ સમજાઈ ગઈ હતી તેમના પતિ અને બાળકો સાથે જવા માટે તૈયાર હતા. તેથી હવે પછીથી તેમના પતિ સાથે જ રહીશ અને અને આવી ભૂલ નહીં કરે તેવી ખાતરી પણ આપી હતી.

### આગની લપેટમાં ગાડી બળીને ખાખ

# બબાલની અદાવતે ભાઈ સળગાવી, પરિવારને સળગાવવાની ધમકી

(પ્રતિનિધિ), વડોદરા. તા.24 સંસ્કારી નગરી વડોદરામાં અસામાજિક તત્વોનો આતંક દિન પ્રદિદિન વધી રહ્યો છે. અગાઉ થયેલી મેટર મેટરની અદાવતમાં માથાભારે શખ્સે ભાઈની ગાડી સળગાવી દીધી હતી. વારસિયા વિસ્તારના વિશાલ નામના શખ્સે પરિવારના સભ્યોને જીવતા સળગાવી દેવાની ધમકી આપી હોવાના આક્ષેપ પણ કરાયાં છે. વડોદરામાં જાણે ખાખીનો કોઈ પ્રકારનો ડર ના હોય તેમ અસામાજિક તત્વોનો આતંક વધવા માંડ્યો છે. તેવામાં એક ગાડી સળગાવી દેવાની ઘટના પાણીગેટ પોલીસ મથક હદ વિસ્તારમાં બની હતી. ગાડીને આગ લગાવી ઈસમ ફરાર થઇ ગયો હતો. બનાવની જાણ કરવામાં આવતા ફાયરબ્રિગેડના જવાનો સ્થળ પર દોડી આવ્યા હતા અને આગ બુઝાવી હતી. જોકે, આગની લપેટમાં ગાડી બળીને ખાખ થઈ ગઈ હતી. પારસ સોસાયટીમાં રહેતા રોહિત શર્માએ જણાવ્યું હતું કે વારસિયામાં રહેતા વિશાલ નામનો વ્યક્તિ છે. એની સાથે જૂની મેટર થઈ હતી. જોકે તેમાં સમાધાન થઈ ગયું હતું. છતાં તેણે મારા ઘરે આવીને મારી બહેન અને મમ્મીને ધમકી આપીને ગયો હતો. બાદમાં બીજી વખત આવ્યો અને મારી ગાડી સળગાવીને જતો રહ્યો હતો. અને મારી બહેન અને મમ્મીને ધમકી આપી હતી કે તને તારા ઘરવાલા અને ઘરમાં જેટલા રહે છે. એ બધાને સળગાવી દઈશ. જે થાય એ કરી લેજો. હું મોટો બુટલેગર છું. એ લોકો ગઈ કાલે એ આવ્યા હતા. છોકરીની મેટરમાં યુવક સાથે પણ સમાધાન થયું હતું. આ અંગે મેં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી છે.

### ફૂલે દંપતીના સામાજિક પ્રદાનને બિરદાવવા ઉગ્ર માંગ

# મહાત્મા જ્યોતિરાવ-સાવિત્રીબાઈ ફૂલેને ‘ભારત રત્ન’ આપવાની માગણી કરાઈ




(પ્રતિનિધિ), વડોદરા. તા.24 સામાજિક ક્રાંતિના પ્રણેતા મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને દેશના પ્રથમ મહિલા શિક્ષિકા સાવિત્રીબાઈ ફૂલેને મરણોત્તર ‘ભારત રત્ન’ એવોર્ડથી નવાજવામાં આવે તેવી માંગ સાથે આજે વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાં માળી સમાજ દ્વારા ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. વડોદરા ખાતે સમસ્ત માળી સમાજ મહામંડળ ટ્રસ્ટ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવી દેશના આ મહાન વિભૂતિઓને સર્વોચ્ચ સન્માન આપવા અપીલ કરવામાં આવી છે.

આવેદન પત્ર આપતા સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, જ્યારે દેશમાં બ્રિટિશ શાસન અને અનેક સામાજિક કુરિવાજોનું વર્ચસ્વ હતું, ત્યારે ફૂલે દંપતીએ પછાત વર્ગોના ઉત્થાન અને મહિલા શિક્ષણ માટે અભૂતપૂર્વ કાર્ય કર્યું હતું. વર્ષ 1848માં પુણેમાં પ્રથમ મહિલા શાળાની સ્થાપના કરીને સાવિત્રીબાઈ ફૂલેએ સ્ત્રી શિક્ષણના દ્વાર ખોલ્યા હતા. તેમણે 17થી વધુ શાળાઓ શરૂ કરી હતી. મહાત્મા જ્યોતિરાવ ફૂલેએ પણ આજીવન શોષિતો અને દલિતોના હક માટે લડત આપી હતી. માળી સમાજના પ્રતિનિધિઓએ વધુમાં ઉમેર્યું હતું કે, ભારતીય બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકર પણ મહાત્મા ફૂલેને પોતાના ગુરુ માનતા હતા. જો આવા મહાન ક્રાંતિકારીઓને હજુ સુધી ભારત રત્ન ન મળ્યો હોય, તો તે સરકારની ઉદાસીનતા સૂચવે છે. તેમને ભારત રત્નનું સન્માન આપીને સરકાર સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ પાઠવી શકે છે.